## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

### સને : ૨૦૧૧–૧૨ અને ત્યારપછીની પરીક્ષાઓ માટે શિક્ષકોના ક્રેડીટ ગુણાંક ગણવા માટેના ધોરણો :

વિજ્ઞાન, વાણિજય, વિનયન, શિક્ષણ, મેનેજમેન્ટ અને કાયદા વિદ્યાશાખાઓના માન્યતા પ્રાપ્ત શિક્ષકોના ગુણાંક ધોરણો :

**૧. શૈક્ષણિક લાયકાત :–**

| ડીગ્રી | પાસ કલાસ | સેકન્ડ કલાસ | ફર્સ્ટ કલાસ | કલાસની જોગવાઈના હોય ત્યાં |
|---|---|---|---|---|
| સ્નાતક | ૧ | ૨ | ૩ | ––– |
| અનુસ્નાતક | ૧ | ૨ | ૩ | ––– |
| એમ.ફીલ | ––– | ––– | ––– | ૨ |
| પી.એચ.ડી. | ––– | ––– | ––– | ૪ |
| ડી.લીટ / એલએલડી / ડી.એસ.સી. | ––– | ––– | ––– | ૫ |
| સી.એ./આઈ.સી.ડબલ્યુ/સી.એસ. | ––– | ––– | ––– | ૩ |

* પ્રાશ્નિક / પરીક્ષકની પેનલમાં નિમણુંક માટે કોઈપણ વ્યકિત શિક્ષક તરીકે નિમણુંક પામેલ હોવો જોઈએ અને યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત કરેલ હોવી જોઈએ / શિક્ષક તરીકેની નિમણુંક ૦.૭૨ મુજબ વરણી સમિતિમાં થયેલ હોવી જોઈએ.

સ્નાતક કક્ષા માટે ક્રેડિટ ગુણાંકની ગણતરી

૧. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રત્યેક શૈક્ષણિક વર્ષના અનુભવ માટે એક ગુણાંક આપવો.

૨. અધ્યાપકે જો નેટ / સ્લેટ પરીક્ષા જે તે વિષયમાં પાસ કરેલ હોય તો તેને તે વિષયના પરીક્ષક માટે તેને વધારાના ત્રણ ગુણાંક આપવા.

૩. કોઈ અધ્યાપકે મેળવેલ સ્નાતક,અનુસ્નાતક કે પીએચ.ડી. પદવીનાં ગુણાંક ઉપર પ્રમાણે ગણવા.બીજી વખત મેળવેલ સ્નાતક, અનુસ્નાતક કે પીએચ.ડી. કે એલ.એલ.બી. ડિગ્રી ને ધ્યાન માં લેવી નહી.

૪. માન્ય અનુસ્નાતક શિક્ષક / મદદનીશ શિક્ષક ને તેને માન્યતા મળે તે પછીના પ્રત્યેક પુરા સત્રદીઠ અનુસ્નાતક કક્ષાએ શિક્ષણકાર્ય કર્યુ હોય અને ઓછામાં ઓછા દસ વ્યાખ્યાન લીધા હોય અને તે મતલબનું અનુ.કેન્દ્રના પ્રોફેસર ઈન્ચાર્જ / કો. ઓડિનેટર/અનુસ્નાતક ભવનના અધ્યક્ષ નું પ્રમાણપત્ર રજૂ કરેલ હોય તેને પુરા વર્ષદીઠ એક ગુણાંક આપવો, વધુમાં વધુ પાંચ ગુણાંકની મર્યાદામાં ગુણાંક આપવા.

૫. અધ્યાપકે પીએચ.ડી. પદવી જે વિષયમાં પ્રાપ્ત કરી હોય તે વિષય માટે જ પરીક્ષક થવા માટે તેને પીએચ.ડી.પદવી માટેના ચાર ગુણાંક આપવા.

૬. સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ ચલાવતી સંસ્થામાં ફરજ બજાવતા જો કોઈ શિક્ષક પીએચ.ડી. ગાઈડ તરીકે માન્ય થયેલ હોય અને વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે સ્વીકૃત થયો હોય તેવા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ એક ગુણ આપવો અને વધુમાં વધુ દસ ગુણાંક આપવા.

૭. સી.એ.આઈ.સી.ડબ્લયુ.એ અને કંપની સેક્રેટરી ની પદવી ધરાવનાર શિક્ષકને ઉપર એક માં જણાવ્યા પ્રમાણે ત્રણ ગુંણાક આપવા તદ્ ઉપરાંત તેમને ત્રણ કે વધુ વર્ષનો વ્યવસાયીક અનુભવ હોય અને શિક્ષણકાર્ય ધરાવતા હોય તો જ તેઓએ જેટલા સમય માટે શિક્ષણકાર્ય કરેલ હોય તે અનુભવને ધ્યાનમાં રાખી ગુણાંક આપવા અને તે માટે વધુમાં વધુ બે ગુણાંક આપવા.

૮. ઉપર જણાવેલ સી.એ. આઈ.સી.ડબલ્યુ એ કે કંપની સેક્રેટરીની પદવી ધરાવનાર શિક્ષક જો તેઓ એમ.કોમ. / એમ.બી.એ. ની પદવી ધરાવતા હોય તો તેમને એક માં જણાવ્યા મુજબ માસ્ટર ડિગ્રીના પણ ગુણાંક આપવા.

૯. ડૉકટરેટ ડિગ્રી મેળવ્યા પછી જો કોઈ વ્યકિતએ રીસર્ચ ફેલો તરીકે (રીસર્ચ એસોસીએટ અથવા પોસ્ટ ડૉકટરેલ ફેલો તરીકે) શિક્ષણ કાર્ય કર્યુ હોય તો જે સમય માટે આ કામ કર્યુ હોય તે સમયનો તેમનો શિક્ષણનો અનુભવ ગ્રાહય ગણીને એ અનુભવના પ્રત્યેક વર્ષદીઠ અડધો ગુણાંક આપવો અને વધુમાં વધુ ત્રણ ગુણાંક આપવા.

૧૦. ડૉકટરેટ પદવી મેળવ્યા પછી જો કોઈ શિક્ષકે ડી.લીટ./ડી.એસસી/એલએલડી. અથવા તેની સમકક્ષ કોઈપણ ડિગ્રી પ્રાપ્ત કરી હોય તો તેને પાંચ ગુણાંક આપવા.

૧૧. જો કોઈ શિક્ષકને પરીક્ષાના કામકાજમાં ગેરરીતી અજમાવવાના કારણે એક કે વધુ વર્ષ માટે પરીક્ષાના કોઈપણ કાર્ય માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો જેટલા વર્ષ માટે તેમને અપાત્ર ગણવામાં આવ્યા હોય તેટલા આંકડાને બે વડે ગુણીને જે રકમ આવે તેટલા ગુણાંક તે શિક્ષકના કુલ ક્રેડિટ ગુણાંકમાંથી બાદ કરવા.

૧૨. જો કોઈ શિક્ષકને પરીક્ષાના કામકાજમાં ગેરરીતી અજમાવવાના કારણે એક કે વધુ વર્ષ માટે પરીક્ષકની નિમણૂક માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો તેવા શિક્ષકને પ્રાશ્નિક તરીકે નીમવા નહી

૧૩. શિક્ષણ વિદ્યાશાખાના અધ્યાપકે જો બી.એડ્.ની પદવી પ્રાપ્ત કર્યા પછી માધ્યમિક શાખામાં શિક્ષણકાર્ય કર્યુ હોય તો તે શૈક્ષણિક અનુભવને ધ્યાનમાં લઈ પ્રત્યેક વર્ષના અનુભવ માટે એક ગુણાંક અને વધુમાં વધુ પાંચ ગુણાંકની મર્યાદામાં ફકત બી.એડ્.ની પરીક્ષામાં પરીક્ષક તરીકેની નિમણૂંક માટે આપવા.

નોધ ૧. સંખ્યાધિક શિક્ષકનો અનુભવ ધ્યાનમાં લેવો.

૨. શૈક્ષણિક વર્ષના પહેલા સત્રમાં જોડાયા હોય તે શિક્ષકોને તે વર્ષનો ક્રેડિટ ગુણ આપવો.

## અનુસ્નાતક કક્ષા માટે ક્રેડિટ ગુણાંકની ગણતરી

૧. યુનિવર્સિટી ભવનના ફરજ બજાવતા પ્રોફેસર / રીડર તેમજ અનુસ્નાતક કેન્દ્ર કાર્યરત હોય તે કોલેજના આચાર્ય જે તે વિષયનું અનુસ્નાતક શિક્ષણકાર્ય કરાવતાં હોય તો જ તેમને તેમના ક્રેડિટ ગુણને ધ્યાનમાં લીધા સિવાય પ્રાશ્નિક/પરીક્ષકની પેનલમાં નિમણૂક માટે માન્ય ગણવા.

૨. યુનિવર્સિટી ભવનો તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી સંસ્થામાં ફરજ બજાવતા પૂર્ણ સમયના અધ્યાપકોને પ્રત્યેક વર્ષના શૈક્ષણિક અનુભવ માટે એક ગુણાંક આપવો.

૩. યુનિવર્સિટી ભવનોમાં ફરજ બજાવતા અધ્યાપકોને ભૂતકાળમાં અનુસ્નાતક કેન્દ્ર ચલાવતી સંસ્થાનાં અનુસ્નાતક કક્ષાના શૈક્ષણિક અનુભવ માટે પ્રત્યેક વર્ષદીઠ એક ગુણાંક આપવો.

૪. યુનિવર્સિટીના ભવનોમાં કે કોલેજમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રમાં જે અધ્યાપક સત્ર દીઠ ઓછામાં ઓછા દસ વ્યાખ્યાનનું શૈક્ષણિક કાર્ય કર્યુ હોય અને તે મતલબનું કોલેજના પ્રો.ઈન્ચાર્જ / આચાર્યનું પ્રમાણપત્ર રજૂ કરેલ હોય તો તેને પ્રત્યેક વર્ષ માટે એક ગુણાંક વધારાનો આપવો.

૫. પી.એચ.ડી. ડિગ્રીના માન્યતા પ્રાપ્ત માર્ગદર્શક હોય અને તેના માર્ગદર્શન માં કોઈ વિદ્યાર્થીનો મહાનિબંધ યુનિવર્સિટી દ્વારા પી.એચ.ડી.ડિગ્રી માટે સ્વીકૃત થયો હોય તેવા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ એક ગુણાંક આપવો અને વધુમાં વધુ પંદર ગુણાંક આપવા

૬. યુનિવર્સિટી ભવન ખાતે ફરજ બજાવતા શિક્ષકો દ્વારા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમના ભાગરૂપે સ્વીકૃત થયેલ પ્રોજેકટ વર્ક/ ડિઝર્ટેશન થીસીશ માટેની વાયવા પરીક્ષામાં વિદ્યાર્થી પાસ થાય તો તેવા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ અડધો ગુણાંક આપવો. આવા વિદ્યાર્થીઓમાટે વધુમાં વધુ દસ ગુણાંક આપવા.

૭. સી.એ.આઈ.સી.ડબ્લયુ.એ અને કંપની સેક્રેટરી ની પદવી ધરાવનાર શિક્ષકને ઉપર્ ૧ માં જણાવ્યા પ્રમાણે ત્રણ ગુણાંક આપવા તદ્ ઉપરાંત તેઓ વ્યવસાયીક અનુભવ ધરાવતા હોય અને ત્રણ કે ત્રણથી વધારે વર્ષનો વ્યાવસાયિક કાર્યાનુભવ હોય અને તેઓ જેટલા સમય માટે શિક્ષણકાર્ય કરે તેટલા સમયના ગુણાંક માટે ધ્યાને લેવા વધુમાં વધુ બે ગુણાંક આપવા.

૮. ઉપર જણાવેલ સી.એ. આઈ.સી.ડબલ્યુ એ કે કંપની સેક્રેટરીની પદવી ધરાવનાર શિક્ષક જો તેઓ એમ.કોમ. / એમ.બી.એ. ની પદવી ધરાવતા હોય તો તેમને ઉપર્ ૧ માં જણાવ્યા પ્રમાણે અનુસ્નાતક ડિગ્રીના પણ ગુણાંક આપવા.

૯. ડૉકટરેટ પદવી મેળવ્યા પછી જો કોઈ અધ્યાપકે રીર્સચ ફેલો તરીકે (રીસર્ચ એસોસીએટ / પોસ્ટ ડૉકટરેલ ફેલો) તરીકે શિક્ષણ કાર્ય કર્યુ હોય તો જે સમય માટે આ કામ કર્યુ હોય તે સમયનો તેમનો શિક્ષણનો અનુભવ ગ્રાહય ગણીને તે અનુભવના પ્રત્યેક વર્ષદીઠ અડધો ગુણાંક અને વધુમાં વધુ ત્રણ ગુણાંક આપવા.

૧૦. ડૉકટરેટ ડિગ્રી મેળવ્યા પછી જો કોઈ શિક્ષકે ડી.લીટ. / ડી.એસ.સી. / એલ.એલ.ડી અથવા તેની સમકક્ષ ડિગ્રી પ્રાપ્ત કરી હોય તો તેમને ઉપર '૧'માં જણાવ્યા મુજબ પાંચ ગુણાંક આપવા.

૧૧. જો કોઈ શિક્ષકને પરીક્ષાના કામકાજમાં ગેરરીતી અજમાવવાના કારણે એક કે વધુ વર્ષ માટે પરીક્ષાના કોઈપણ કાર્ય માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો જેટલા વર્ષ માટે તેમને અપાત્ર ગણવામાં આવ્યા હોય તેટલાં આંકડાને બે વડે ગુણીને જે રકમ આવે તેટલા ગુણાંક તે શિક્ષકના કુલ ક્રેડિટમાંથી બાદ કરવા.

૧૨. જો કોઈ શિક્ષકને પરીક્ષાના કામકાજમાં ગેરરીતી અજમાવવાના કારણે એક કે વધુ વર્ષ માટે પરીક્ષકની નિમણૂંક માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો તેવા શિક્ષકને પ્રાશ્નિક તરીકે નીમવા નહી.

નોંધ : ૧. સંખ્યાધિક શિક્ષકનો અનુભવ ધ્યાનમાં લેવો.

૨. શૈક્ષણિક વર્ષના પહેલાં સત્રમાં જોડાયા હોય તે શિક્ષકોને તે વર્ષનો ક્રેડિટ ગુણ આપવા.